## જન્મદિને વધામણી



રસિકલાલ આર દવે
નિવૃત્ત ઈલેક્ટ્રીક સુપરવાઈઝર
સરકારી છાપકામ
અને લેખન સામગ્રી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧



ધ્રુવા ઉરેન પટેલ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



પ્રતીક રોહિતજી ઠાકોર



જતિન પટેલ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# બ્રહ્માકુમારીઝ દ્વારા ઊર્જાનગર ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષયે શિબિર યોજાયો



બ્રહ્માકુમારીઝ વિશ્વવિદ્યાલય દ્વારા ઊર્જાનગર ખાતે 'સ્ટ્રેસ મેનેજમેન્ટ અને રિલેક્સેશન ટેકનીક્સ' વિષયે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારીઝનાં ખ્યાત ટ્રેનર ઉષાદીદી દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગે વિગતવાર માહિતી અને તેના ઉપાયો અંગે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉત્તર ગુજરાત વીજ કંપનીમાંથી નિવૃત્તિ લઈ રહેલા અને બ્રહ્માકુમારીઝના ભાવક લાલજીભાઈ પટેલને નિવૃત્તિ વિદાયમાન આપવામાં આવ્યું હતું તથા તેમનાં પૌત્રી હસ્તીના જન્મની વધામણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઊર્જાનગર બ્રહ્માકુમારી એકમનાં રંજનદીદી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન તારાદીદીએ કર્યું હતું.

# સમગ્ર રાજ્યમાં આરટીઈ અંતર્ગત ૬૨ હજાર બાળકોને શાળામાં પ્રવેશ

## ૨૫ મે સુધી પ્રવેશ કન્ફર્મ કરાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં ચાલુ વર્ષે આરટીઈ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની કાર્યવાહી ઓનલાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં તાજેતરમાં કામચલાઉ પ્રવેશ ફાળવ્યા બાદ રવિવારે કાયમી પ્રવેશ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યના કુલ ૬૨ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને આરટીઈ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ ફાળવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આરટીઈ અંતર્ગત પ્રવેશ માટે સરકારને ૮૧ હજાર કરતા વધુ અરજીઓ મળી હતી. જે પૈકી ૬૨ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની જાણ વાલીઓને મેસેજ દ્વારા કરી દેવામાં આવી છે અને સોમવારથી વાલીઓ સ્કૂલમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. વાલીઓને પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે ૨૫ મે સુધીનો સમય આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આરટીઈ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટે રાજ્ય સરકાર દ્વારા આ વખતે ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે વાલીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. ઓનલાઈન અરજી કરવાની મુદત પૂર્ણ થયા બાદ ચકાસણી કરતા સવા લાખ જેટલી અરજીઓ આવી હતી. જેમાંથી ડુપ્લીકેટ અરજીઓ બાદ કર્યા બાદ સ્ક્રુટીની હાથ ધરાઈ હતી અને અંતે ૮૧૨૫૮ અરજીઓ માન્ય રહી હતી. જેથી આ વિદ્યાર્થીઓ આરટીઈમાં પ્રવેશ માટે લાયક ઠર્યા હતા. દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા સૌપ્રથમ કામચલાઉ પ્રવેશ યાદી જાહેર કરી હતી. જેમાં ઘણા વિદ્યાર્થીઓને દુરની સ્કૂલમાં પ્રવેશ મળ્યાની ફરિયાદો ઉઠી હતી. જેથી તેઓ વાંધા અરજી રજૂ કરી શકે તે માટે મુદત આપવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન સમગ્ર રાજ્યમાંથી ૭ હજાર જેટલી વાંધા અરજીઓ શિક્ષણ વિભાગને મળી હતી. જેની ચકાસણી કર્યા બાદ તેમાંથી ૩૦૨૨ વાંધા અરજીઓ માન્ય રાખવામાં આવી હતી. જેથી હવે આગામી બે દિવસમાં આ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

કામચલાઉ પ્રવેશની કાર્યવાહી સંપન્ન કર્યા બાદ રવિવારે કાયમી પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. જેમાં સમગ્ર રાજ્યમાં ૬૨૪૧૯ વિદ્યાર્થીઓને ધોરણ-૧માં પ્રવેશ ફાળવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જેમાં સૌથી વધુ પ્રવેશ અમદાવાદ જિલ્લામાં ફાળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય કોઈ પણ જિલ્લામાં પાંચ હજાર કરતા વધુ પ્રવેશ ફાળવવામાં આવ્યા નથી. સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૧૦ હજાર કરતા વધુ અને અમદાવાદ જિલ્લામાં ૬ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને ધોરણ-૧માં પ્રવેશ ફાળવવામાં આવ્યા છે.

પ્રવેશ ફાળવ્યા બાદ તમામ વાલીઓને તે અંગેની જાણકારી મેસેજ દ્વારા મોકલવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીને કઈ સ્કૂલમાં કાયમી પ્રવેશ ફાળવાયો છે તેની વિગત આપવામાં આવી છે અને વાલીઓને ૧૫ મેથી ૨૫ મે દરમિયાન સ્કૂલમાં જઈને પ્રવેશ મેળવી લેવા માટે સૂચના આપવામાં આવી છે. આમ, ચાલુ વર્ષની આરટીઈની પ્રવેશ કાર્યવાહી સંપન્ન કરવામાં આવી છે.

# સાહિત્ય સભામાં નેહલ ગઢવીની સર્જનયાત્રાનું વક્તવ્ય યોજાયું



## મધર્સ ડે નિમિત્તે લેખન અને આરજે એમ બંને ક્ષેત્રે સર્જકે કરેલા સંઘર્ષમય સફરની વાતો ભાવવાહી રીતે પ્રસ્તુત થઈ

મધર્સ ડેના દિવસે બે બાળકોની માતા, રેડિયો જૉકી અને કટાર લેખિકા નેહલ ગઢવીનું ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠકમાં વક્તવ્ય યોજાયું. મજાની વાત એ હતી કે એમને સાંભળવા એમનાં માતા-પિતા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

નેહલ ગઢવીનું પુષ્પગુચ્છ અને પુસ્તકથી મૂળજી પરમાર અને સંજય થોરાત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સદવાચન પ્રવૃત્તિ ચલાવતા શિવશંકર દવેએ એમનું શાલ ઓઢાડીને સન્માન કર્યું.

નેહલ ગઢવીનો પરિચય સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ આપ્યો. નેહલ ગઢવીએ પોતાના લગ્નજીવન, પરિવારની જવાબદારીથી પડેલા અંતરાલ બાદ શરૂ કરેલી કારકિર્દી અને સફળતાની વાત કરી. આકાશવાણીમાં મધુરો કંઠ રેલાવતાં નેહલ ગઢવી ગાંધીનગર સમાચારમાં 'વૉટ્સઍપ ઑફ ધ વીક' કૉલમ દ્વારા અવનવાં વિષયો મૂકી પોતાની કલમનો સુંદર પરચો આપી રહ્યાં છે.

મધર્સ ડે નિમિત્તે લેખન અને આરજે એમ બંને ક્ષેત્રે એમણે કરેલા સંઘર્ષમય સફરની વાતો ભાવવાહી રીતે પ્રસ્તુત થઈ હતી.

# 'પાન' અને આધારની ભૂલ ઓનલાઈન સુધારી શકાશે

## આવકવેરા વિભાગે બંને દસ્તાવેજમાં નામો અને અન્ય વિગતોમાં ભૂલોને દૂર કરવા માટે ઓનલાઈન ફેસિલિટી લોન્ચ કરી

ગાંધીનગર, તા. ૧૫

આવકવેરા વિભાગે (આઈટી) પર્માનેન્ટ એકાઉન્ટ નંબર અને આધારના દસ્તાવેજમાં નામો અને અન્ય વિગતોમાં ભૂલોને દૂર કરવા માટે એક ઓનલાઈન ફેસિલિટી લોન્ચ કરી છે. આનાથી નામ સહિતના સુધારણા માટે ધક્કા ખાતા નાગરિકોનો સમય બચશે.

પાન સાથે બાયોમેટ્રિક આઈડેન્ટિફાયર આધારને જોડવા માટેની સવલત સાથે આવકવેરા વિભાગે તેના ઈ-ફાઈલિંગ વેબસાઈટપર બે અલગ-અલગ હાઈપરલિન્ક્સ પણ મુક્યા છે. જેમાં એક લિંક પેનના હાલના ડેટામાં ફેરફાર અપડેટ કરવા અથવા કોઈ ભારતીય કે વિદેશી નાગરિક દ્વારા નવા પાનની અરજી માટે રહેશે. બીજી હાઈપરલિંક યુનિક આઈડેન્ટિટી નંબરનો ઉપયોગ કરીને 'આધાર સેલ્ફ સર્વિસ અપડેટ પોર્ટલ'માં લોગિંગ કરીને આધારની વિગતો અપડેટ કરવા માગતી વ્યક્તિઓ માટે છે. આ વ્યક્તિઓ ડેટા અપડેટ રિક્વેસ્ટ માટે પૂરાવા તરીકે સ્કેન કરાયેલા દસ્તાવેજો અપલોડ કરી શકશે. ૧.૨૨ કરોડથી વધુ કરદાતા આધાર લિન્કડ પાન ધરાવે છે. પરંતુ દેશમાં ૨૫ કરોડથી વધુ પાનધારકોને જોતાં આ આંકડો સાવ ઓછો છે. આધાર કાર્ડ દેશના ૧૧૧ કરોડ લોકોને જારી કરાયા છે.

## ડાયરેક્ટ ❤ સે

આ દુનિયામાં
બે વ્યક્તિ સૌથી સુખી છે :
પાગલ અને બાળક;
એટલે આપણે
એવા થવું જોઈએ.
આપણા લક્ષ્યને પામવા
પાગલ બનવું જોઈએ
અને પછી જે મળે
તેને માણવા માટે
બાળક બની જવું જોઈએ.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૩.૦૦, ૬.૩૦
૧૦.૦૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦
સરકાર-૩
૩.૪૫, ૬.૪૫,
૯.૪૫

**સ્ક્રીન-૩**
મેરી પ્યારી બિંદુ
સવારે ૧૦.૦૦,
૧૨.૩૦
૩.૦૦, ૮.૦૦,
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરકાર-૩
૧૨.૪૫

**સ્ક્રીન-૪**
સરકાર-૩
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧.૪૫, ૫.૦૦, ૮.૩૦

# ભારત વિશ્વના 'ટૉપ ફાઈવ ઍફ બી યુઝર્સ'માં આવે છે




સાઈબર વર્લ્ડ ઉપર ન ભૂતો ન ભવિષ્યતી જેવો ખતરનાક સાઈબર હુમલો થયો છે. ૧૫૦ દેશોના બે લાખ ઉપરાંત કોમ્પ્યુટર્સને તાળા મારી ભયાનક તાંડવ કરતો ખંડણીખોર દુનિયા આખીને હલબલાવી રહ્યો છે. રેન્સમવેર વાનાક્રાઈ વાઈરસ કાળોકેર વર્તાવે છે. રેન્સમવેર વાનાક્રાઈ જેવા રાક્ષસનો નગ્ન નાચ હજુ કેટલી ખાનાખરાબી સર્જશે એની ચર્ચા આખુ વિશ્વ કરી રહ્યું છે. આવા ભયાનક માહોલમાં સોશ્યલ નેટર્વકિંગની એક મોસ્ટ પોપ્યુલર સાઈટની વાત કરી મન હળવુ થોડુ કરવુ છે. બદબુ સામે ખુશ્બુની વાત મુકી વાતાવરણને હસીન બનાવવુ છે.

એક દિવસની વાત છે. રોહને ગમગીન ચહેરે સૌનકને કહ્યું યાર 'મારી બહેન બહુ બિમાર છે, હોસ્પિટલાઈઝ્ડ છે. મારે ૨૫ હજાર રૂપિયાની તાત્કાલિક જરૂરિયાત છે. કોઈ વ્યવસ્થા થતી નથી. કંઈક કરને યાર ?' સૌનક શૂન્ય મનસ્ક રોહન સામું જોઈ રહ્યો. સૌનક કોલેજના છેલ્લા વર્ષમાં ભણે, નાના-મોટા ટ્રેડીંગ કરીને, ટ્યુશનો કરીને થોડું ઘણું કમાઈ લે. જ્યારે રોહન એક પ્રાઈવેટ કંપનીમા જોબ કરે.

સૌનક ટ્યુશન અને અને એકેડેમિક ફિલ્ડમાંથી ઠીકઠાક કમાઈ લે. સૌનકના પિતાજી મલ્ટી નેશનલ કંપનીમા જનરલ મેનેજર અને સમાજના અગ્રણી પણ ખરા. સૌનક રોહનની વાત સાંભળીને મિત્રની પરિસ્થિતિ ઉપર ખુબ લાગી આવ્યું. એટીએમમાં જઈને ૨૫ હજાર રૂપિયા લઈને રોહનને આપ્યા. પણ રકમ મોટી હોઈ એણે રોહનને કહ્યું કે યાર પાછા જલદી આપજે. ક્યારે આપીશ ? રોહને ૨૫ હજાર લેતાં કહ્યું 'ચિંતા ન કર આવતા મહિને મારો પગાર થતાં તરત જ પાછા આપી દઈશ. અને હા દોસ્ત, આ વાત મારા કે તારા ઘરના લોકોને



ખબર ન પડે હો. મારી ઈજ્જતનો સવાલ છે. મારું ખરાબ લાગશે. પ્લીઝ કોઈને કહેતો નહીં.'

સૌનકે રોહનને આપેલું વચન પાળ્યું. એણે ઘરમાં કોઈને કહ્યું નહીં. એકના બે અને ત્રણ ત્રણ મહિના થયા પરંતુ રોહને સૌનકને પૈસા પરત ન કર્યા. સૌનક પૈસા માટે રોહનને રોજ રોજ કહે પણ રોહન પૈસા પરત આપી શકે નહીં. બંને મિત્રો વચ્ચે વિશ્વાસનો સેતુ તૂટ્યો. અંતે કંટાળીને સૌનકે એના પિતાજીને વાત કરી. બન્ને મિત્રોના પરિવારમાં ખબર પડી. બન્ને પરિવારના વડિલો ભેગા મળ્યા ત્યારે ખબર પડી કે, રોહનની બહેન બિમાર જ ન હતી. રોહન તો ફેસબુકના કોઈ ફેક અકાઉન્ટવાળા ફ્રોડના ચક્કરમાં ખુવાર થતો હતો. જ્યારે રોહનને ખબર પડી કે એ કોઈકના ફેક એફબી એકાઉન્ટની જાળમાં ફસાયો છે, ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. સૌનકની જેમ રોહનના ઘણાં મિત્રોએ એને વત્તે ઓછે અંશે પૈસા આપ્યા હતા. આ આખી ઘટના દ્વારા સોશિયલ મીડિયાનું એક વરવું પાસું ઉજાગર થાય છે.

જેમ સિક્કાની બીજી બાજુ હોય એમ એફબીનું અન્ય એક મઝાનું પાસું દર્શાવતો કિસ્સો પણ જાણવા જેવો છે. આ કહાની છે શેરિલ સેન્ડબર્ગની. શેરિલ ફેસબુકના સીઈઓ. બે વર્ષ પહેલા પતિ ડેવ ગોલ્ડબર્ગના મૃત્યુ બાદ શેરિલ સાવ ભાંગી પડી હતી. બાળકના ઉછેરની સાથે સાથે પતિના પ્રેમને મીસ કરતી શેરિલે તેના ફેસબુક પેજ ઉપર આવી પડેલા આ દુઃખને વર્ણવતી એની મનઃસ્થિતી ઉજાગર કરતી પોસ્ટ મૂકી. શેરિલના એફબી ફ્રેન્ડસે એની પોસ્ટ વાંચીને એમની જિંદગીના અનુભવો વિગતવાર વર્ણવ્યા અને એ રીતે શેરિલના દુઃખમા સહભાગી બન્યા.

એફબીના મિત્રોની કોમેંટે શેરીલની વેદનાસભર મનઃસ્થિતિને ઉપર રીતસરનો માલમ લગાવી જબરજસ્ત પોઝીટીવ અસર ઉભી કરી. શેરિલ અને એના મિત્ર એડમ ગ્રાન્ટે એફબી ફ્રેન્ડસના અનુભવો ઉપરથી 'ઓપ્શન-બી - ફેસિંગ એડવર્સીટી બિલ્ડીંગ રેજીલિયન્સ એન્ડ ફાઈન્ડિંગ જોય' પુસ્તક લખ્યું. ગયા મહિને આ પુસ્તક પ્રકાશિત થયું. શેરિલને જીવવાનું અનોખું બળ મળ્યું. એક નવો રાહ મળ્યો.

આ બે કિસ્સા ઉપરથી એટલુ તો સ્પષ્ટ છે કે, એફબી સોશિયલ મીડિયાનું એવું ટુલ છે કે માણસની જિંદગીને સજાવી-સવારી શકે છે અને જો યોગ્ય રીતે ઉપયોગ ન થાય તો માણસને પછાડીને ખાઈમાં પણ ધકેલી શકે છે. આ એક જોરદાર માધ્યમ છે. ભારતમા પ્રતિમાસ ૧૯૫ મિલીયન એફબી યુઝર્સ છે. જે પૈકી ૧૫૫ મિલીયન કરતાં વધુ લોકો એફબી ઉપર એક્ટિવ હોય છે. ભારતમાં ૮૧ મિલીયન લોકો એવા છે જે દરરોજ એફબીનો ઉપયોગ કરતા હોય છે. જો કે સમસ્ત વિશ્વના એફબી યુઝર્સની વાત કરીએ તો આખી દુનિયામાં ૧.૪૪ બિલીયન લોકો એફબી સાથે સંકળાયેલા છે.

મેનાલો પાર્ક, કેલિફોર્નિયા સ્થિત ઓનલાઈન સોશિયલ મીડિયા અને સોશિયલ નેટર્વકિંગ સર્વિસ આપી વિશ્વમાં છવાઈ ગયેલી અમેરિકન કંપની માર્ક ઝકરબર્ગ નામના લબરમુછીયા યુવાને ફેબ્રુઆરી તા. ૪, ૨૦૦૪માં લોન્ચ કરી. શરૂઆતમાં માત્ર હાર્વર્ડ યુનિવર્સિટીના વિધ્યાર્થીઓના સંપર્ક પુરતી આ સાઈટ સિમિત હતી. પછી તો અમેરિકાની બીજી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ-યુવાનો પણ એફબીની સાઈટથી જોડાતા ગયા. જોતજોતામાં દુનિયા આખીના ડેસ્કટોપ, લેપટોપ, ટેબલેટ અને સ્માર્ટ ફોન યુઝર્સ માટે ફેસબુક જીવનનો અભિન્ન હિસ્સો બની ગયું. એફબીના આ જોરદાર વાવાઝોડા વચ્ચે આજે એક સહજ પ્રશ્ન થાય કે, શુ શોશિયલ મિડીયા માણસને જીવંત રાખે છે...? જી હા, આ એક એવો યક્ષ પ્રશ્ન છે કે, સમજીને ઉપયોગ થાય તો શાનદાર અને નાસમજ ઉપયોગ તો ખતરનાક.

એપ્રિલ-૨૦૧૬માં થયેલા સર્વે અનુસાર એફબી સમસ્ત વિશ્વમાં સૌથી પ્રચલિત સોશિયલ નેટર્વકિંગ સાઈટનુ બિરૂદ ભોગવે છે. ભારતમાં ફેસબુક યુઝર્સ અને નેટવકર્લગ સાઈટની કેટલીક મજેદાર વિગતો સામે આવે ત્યારે ખરેખર એવું લાગે કે, 'મેરા દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ...'

- વિશ્વભરમાં ભારતમાં સૌથી વધુ એફબી યુઝર્સ છે.
- જે દેશમાં સોશિયલ નેટવકર્લગ સાઈટની શોધ થઈ એવા યુએસ કરતા પણ ચાર મિલીયન વધુ એફબી યુઝર્સ ભારતમાં છે.
- ભારતમાં ૧૫૫ મિલીયન એક્ટિવ એફબી યુઝર્સ છે. જેમાંથી ૧૪૭ મિલીયન ભારતીયો તેમના મોબાઈલ ઉપરથી એફબી એક્સેસ કરે છે.
- ૭૩ મિલીયન ભારતીયો પોતાના એન્ડ્રોઈડ ઉપર પ્રતિદિન સક્રીય રીતે ફેસબુકનો ઉપયોગ કરતા હોય છે.
- વિશ્વના ટોપ ફાઈવ એફબી યુઝર્સમાં ભારત, અમેરિકા, બ્રાઝીલ, યુકે અને જર્મની આવે છે.
- ભારતમાં એફબીનો સૌથી વધુ ઉપયોગ કરનારાઓમાં ૧૮થી ૨૪ વર્ષ વચ્ચેની વયજુથના યુવાનો છે.
- ભારતનો એફબી યુઝર દિવસમાં ઓછામાં ઓછો ત્રણવાર એફબીનો ઉપયોગ કરતા હોય છે.
- અલગ અલગ ૧૨ ભાષામાં ભારતીયો ફેસબુક ઉપર પોતાના વિચારો મૂકે છે.
- એક અંદાજ અનુસાર ભારતમાં એફબીનો ઉપયોગ કરનારા પૈકી ૭૬ ટકા પુરુષો અને ૨૪ ટકા મહિલાઓ છે.
- સર્વે મુજબ ૧૪.૪ મિલીયન ગ્લોબલ ફેસબુક ફેન ધરાવતી 'મોસ્ટ પોપ્યુલર ઈન્ડિયન બ્રાન્ડ' આજતક છે.
- પ્રત્યેક ભારતીય અને વિષેશ કરીને દરેક ગુજરાતી આખી દુનિયામા કોલર ઉચા કરીને ચાલી શકે એવી વાત એ છે કે, આ વર્ષના બીજા ક્વાટરમાં થયેલી ગણતરી અનુસાર ૩૨.૯ મિલીયન લાઈક્સ સાથે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી 'મોસ્ટ પોપ્યુલર ઈન્ડિયન' છે.
- રજનીકાંત વર્સીસ સીઆઈડીનો જોક 'મોસ્ટ ફોલોડ ઈન્ડિયન ફેસબુક પેજ 'છે. જેને એક કરોડ ઉપરાંત લોકોએ લાઈક કર્યુ છે.
- ભારતમાં સામાન્ય રીતે લોકો તેમની પોસ્ટ તેમના મિત્રો જ જુએ એવું વધારે પસંદ કરતા હોય છે.

સંબંધો જેટલા શોશીય્સ મિડીયા ઉપર વહેતા જાય એટલા એ વિકસતા જાય. એક બહુ પ્રચલિત વાત એ પણ છે કે, માણસ ફેસબુકથી એટલો બધો જોડાઈ ગયો છે કે, ફેસ ટુ ફેસ થવાનુ ભુલી ગયો છે. પણ સામે પક્ષે એફબી યુઝર્સ એમ પણ કહે છે કે ફેસ ટુ ફેસ મળવાનો અવસર એફબી આપે છે. આ તો એવી વાત થઈ કે પહેલા મરઘી કે પહેલા ઈંડુ ? ખેર, મુળ વાત તો એ છે કે, લાગણીઓ, માગણીઓ, આકાંક્ષાઓ, અપેક્ષાઓ, પ્રેમ, નફરત જો અભિવ્યક્ત નથી થતી તો માનવી બેબાકળો બની જતો હોય છે. સોશિયલ મીડિયા માણસને જીવંત રાખે છે. ઉર્જાવાન બનાવે છે. સાથે સાથે 'અતિ સર્વદા વર્જયતે'ના વૈદિક સનાતન સત્ય મુજબ સોશિયલ મીડિયાનો અતિશય ઉપયોગ લેખના પ્રારંભે વર્ણવેલી રોહનની કહાનીની માફક ઘાતક પણ નીવડી શકે અને વિવેકપૂર્ણ ઉપયોગ શેરિલની જેમ જીવનમાં સુવાસીત ફુલો પણ ખિલવી શકે.

**ધબકાર**

વિજેતા કોઈ અલગ કામ નથી કરતો એ કામને અલગ અંદાજથી કરતો હોય છે.